# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553
Vol III, Issue 11 •• February, 2005

F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051 E-Mail : jayjinendra@jainshasan.com

## મોક્ષમાર્ગનાં નિશ્ચિત સોપાન

જો મોક્ષ સ્થાને પહોંચવાનું મન છે તો તું તીર્થંકર ભગવંત, ગુરુભગવંત, જિનપ્રવચન અને સંઘની ભક્તિ કર. હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ, પરિગ્રહ એ પાંચ પાપોની વિરતિ કર. ક્રોધાદિ શત્રુ ઉપર વિજય મેળવ. સજ્જનતા કેળવ, ગુણીજનનો સંગ કર, ઈન્દ્રિયનું દમન કર, દાન, તપ, ભાવ અને વૈરાગ્યને આદર.

– 'સિન્દૂર પ્રકર'માં
**શ્રી સોમપ્રભાચાર્ય** (વિક્રમની તેરમી સદી)

**જીતો ૩,૩૩,૩૩૩ રૂપિયા રોકડા. કેવી રીતે? જુઓ પાના નં. ૯**

# આગમનાં અજવાળાં

## સ્થવિરકલ્પ અંગે જાણવા જેવું

**મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મ.**

ગચ્છની નિશ્ચિત કરાયેલી આચારમર્યાદા તે સ્થવિરકલ્પ.

આ આચારમર્યાદામાં આટલી બાબતોને આવરી લેવામાં આવે છે :

૧. વિધિપૂર્વક પ્રવજ્યા ગ્રહણ કરવી.

૨. નિયમિતપણે કરવા યોગ્ય નિશ્ચિત પ્રકારની ક્રિયાઓનો અને શાસ્ત્રોનો અભ્યાસ કરવો.

૩. અભ્યાસ કરેલા શાસ્ત્રના અર્થ ગ્રહણ કરવા.

૪. ચાતુર્માસને છોડીને શેષકાળમાં માસકલ્પાદિ સાચવીને વિહારો કરવા.

૫. નવા સુપાત્રોને દીક્ષા આપવી અને તેમને યોગ્ય રીતે તૈયાર કરવા.

૬. કયા ક્ષેત્રમાં વિચરવું યોગ્ય છે અને કયામાં નથી તેની પરીક્ષાઓ કરીને યોગ્ય ક્ષેત્રમાં વિહાર કરવો. ઉપાશ્રયમાં કઈ રીતે દાખલ થવાય, ત્યાંથી કઈ રીતે બહાર નીકળાય, ઉપધિ કઈ રીતે ઉપાડાય, ગોચરી વહોરવા કઈ રીતે જવાય, ગોચરી વહોરતાં શું શું સાચવવું વગેરે બાબતોના નિયમોનું પાલન કરવું.

૭. ઈચ્છકાર, મિચ્છાકાર વગેરે દશવિધ સામાચારીઓનો અભ્યાસ અને તેનું પાલન.

સ્થવિરકલ્પમાં મુખ્યત્વે ઉપરોક્ત સાત બાબતો આવે છે અને તેના વિસ્તાર રૂપે આનુષંગિક અનેક બાબતો આવે છે. આનું નિરૂપણ બૃહત્કલ્પ ભાષ્યમાં વિસ્તારથી મળે છે.

સ્થવિરકલ્પમાં આચાર્ય, ઉપાધ્યાય, ભિક્ષુ, સ્થવિર અને શૈક્ષ; આ પાંચ વિભાગોમાં સાધુઓની વ્યવસ્થા થાય છે.

### સમય ચિંતન

કાંસાની થાળીનો રણકાર સોનાની થાળી કરતાં વધારે હોય છે. અસલી હીરા કરતાં નકલી હીરાની ચમક વધારે હોય છે. જેમાં પોલાણ વધારે હોય તેનો અવાજ વધારે હોય છે. એ જ રીતે જે પદાર્થમાં સાર નથી હોતો તેનો આડંબર વધારે હોય છે.

**– પ્રબુદ્ધ વચન**


### જય જિનેન્દ્ર

વર્ષ ૩, અંક ૧૧
સળંગ અંક ૩૫
ફેબ્રુઆરી, ૨૦૦૫

■

સંપાદક : નિર્વેદ આચાર્ય

■

જય જિનેન્દ્ર દર માસની પહેલી તારીખે પ્રકાશિત થાય છે.

વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા. લવાજમ રોકડેથી, ડ્રાફ્ટથી, એમ. ઓ.થી મોકલી શકાય છે. બહાર ગામના ચેક સ્વીકારવામાં આવતા નથી (એટ પાર પેયેબલ હોય તો ચાલે).

પત્ર વ્યવહારનું સરનામું :
જય જિનેન્દ્ર કાર્યાલય
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪,
સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર,
અમદાવાદ ૩૮૦૦૫૧

# આ ગુણગ્રાહી ગબનલાલ ક્યાંય મળે તો કહેજો...

એનું નામ ગબનલાલ. એને બધામાં ગુણ દેખાય. વાતવાતમાં વેશ્યાની વાત નીકળી. ગબનલાલ કહે : 'એ બિચારી કેટલા બધા લોકોનાં શરીરને શાતા આપે છે. પોતે ઘસાઈને પણ બીજાને તૃપ્ત કરે છે.' એ 'ગુણગ્રાહી' ગબનલાલને વેશ્યાનો ઘણો અનુભવ. ગબનલાલની ખોજ કરનારાને એ ક્યાંય ન મળે તો સમજી લેવું કે એ વેશ્યાને ત્યાં મળી આવશે. જો કે એમ તો ક્યારેક એ પીઠામાંય મળી આવે. અમે એક દિવસ કહ્યું : 'યાર, પીઠામાં કોઈ દૂધપાક ખાવા ન જાય.' ગબનલાલે સોનેરી સલાહ આપી : 'પીઠામાં કોણ શા માટે જાય છે એની પંચાત નહીં કરવાની' અને પછી પીઠાના ગુણ ગણાવ્યા : 'આ પીઠાં છે તો સમાજને કેટલો બધો ફાયદો છે. કઈક લોકોના મનને ટાઢક વળે છે. આપણે બધામાં ગુણ જ જોવાના. એક પીઠામાં સાંજ પડ્યે વીસ પેટી ખાલી થાય તો કેટલા બધા ફાયદા? માલિક બે પૈસા રળે. એના નોકરો બે પૈસા રળે. પેટીઓ મોકલનારો બે પૈસા રળે. થોડાક હપ્તા પોલીસનેય મળે. દેશમાં એટલી ગરીબી ઓછી થાય. પીનારોય બિચારો થોડા વખત માટે પોતાનાં દુઃખદર્દ ભૂલી જાય. પીઠાનાં તો લાખ ગુણ છે.'

ગબનલાલની વાત જ ન્યારી. ગુણ જોવાના એટલે જોવાના જ. એક દિવસ ગબનલાલ ચોરી કરતાં ઝડપાયા. પોલીસે બે દંડા ફટકાર્યા એટલે ગુણગ્રાહી ગબનલાલ ચાલુ થઈ ગયા : 'સર, મેં ચોરી કરી તે સમાજના હિતમાં કરી છે.' પોલીસ સ્તબ્ધ! સમાજના હિતમાં ચોરી? 'સર,' ગબનલાલે વાત સાંધી : 'શેઠને બિચારાને રોજ ચિંતા થતી હતી કે મારા આ વધારાના પૈસાનો વિનિયોગ ક્યાં કરવો? મેં એમની ચિંતા દૂર કરી આપી. ન રહે વધારાનું ધન, ન રહે એની ચિંતા! ન રહે બાંસ, ન બજે બંસુરી.' અલબત્ત, કાનૂને એમની ગુણગ્રાહી દૃષ્ટિ માન્ય ન રાખી એમાં આપણે શું કરી શકીએ!

જેલમાંથી છૂટેલા ગબનલાલ અચાનક ગુમ થઈ ગયા. કેટલાયે દિવસ સુધી ગામમાં દેખાયા નહીં. એક દિવસ છાપામાં ફોટા સાથે ખબર આવ્યા ત્યારે ખબર પડી કે ગબનલાલે તો સંન્યાસ લઈ લીધો હતો! અમને તો ઊંધે કાંધ પડ્યાની અનુભૂતિ થઈ આવી. અમે મારતી મોટરે પહોંચ્યા ત્યારે તો ગબનલાલ ચાલીસ ભક્તો વચ્ચે વીંટાયેલા બેઠા હતા. સૂરજમુખી જેવી એમની ચેતના એમની અવિરત વાગ્ધારામાં પ્રવાહિત થઈ રહી હતી : 'ભવ્યાત્માઓ, જીવનમાં બીજું કંઈ કરતાં આવડે કે ન આવડે એની ચિંતા ન કરતા. પણ એક વાત જરૂર કરજો – દરેક પદાર્થમાં ગુણ જોવાનું શીખજો.' શ્રોતાઓ તો 'ધન્ય ધન્ય' કરી ગયા! ભક્તજનોના ચાલ્યા ગયા પછી અમને એકાંતમાં (જમણી આંખ બંધ કરીને) કહે : 'સંન્યાસના ગુણ ઘણા. સાલી દરરોજ નવી વેરાયટીઓ મળે છે. લાલ ટામેટાં જેવી હો! ખાવા-પીવાની ચિંતા નહીં. દરરોજ નવી નવી વાનગીઓ આવે. વેપારમાં ચડ-ઊતરની કોઈ બીક નહીં. આપણો વેપાર ધમધોકાર ચાલે છે. શેર બજારનું જે થવું હોય તે થાય. આપણાં શેરો કદી ગગડતા નથી. અને સાંભળ, વિચાર હોય તો મારી અનલિમિટેડ કંપનીમાં દાખલ થઈ જા. શરત ખાલી એક જ : ચોર હોયકે ડાકુ, વેશ્યા હોય કે માફિયા. કોઈનાય અવગુણ નહીં જોવાના.'

અમારૂં તો એવું ભાગ્ય ક્યાંથી હોય કે અમે એમની કંપનીમાં જોડાઈ શકીએ!

# ધર્મશ્રદ્ધાનો બુલંદ રણકાર કરતો લલિતાંગકુમાર

**લેખિકા :** પૂ. સાધ્વી શ્રી જિતપૂર્ણા મહાસતીજી

મહેલના શિખર પર બેસવા માત્રથી કાગડો ગરૂડ બની જતો નથી, હીરામાં ભળેલા કાચના ટુકડા હીરાની ગરજ સારતા નથી, દરિયાના પાણીમાં સાકર ભેળવતાં તે મીઠાશ આપતું નથી, પિત્તળ પર સોનાનો ઢોળ ચઢાવવાથી પિત્તળ સોનું બનતું નથી. એ જ રીતે ધર્મ, અર્થ, કામરૂપી સાધન વિના મનુષ્યજન્મની મહત્તા ગણાતી નથી. ત્રિવર્ગમાં ધર્મ ઉત્કૃષ્ટ ગણાય છે, માટે પાપનો ક્ષય કરવામાં ધર્મનું આચરણ જ રામબાણ ઈલાજ છે.

ભારતની ભૂમિ પર શ્રીવાસ્તવ નામની વિશાળ નગરીમાં રાજા નરવાહન રાજ્ય કરતા હતા. પૂર્ણ પ્રજાવત્સલ રાજાના રાજ્યમાં કોઈ દુઃખી ન હતું.

શુભ અને મંગલ મુહૂર્તે રાજાનાં લગ્ન સર્વગુણસંપન્ન, રૂપસામ્રાજ્ઞી મૃદુભાષી કમલા નામની કન્યા સાથે થાય છે. લગ્ન એક સંસ્કાર છે તેમાં પ્રેમ, પવિત્રતા અને ત્યાગનું પ્રાધાન્ય છે. દામ્પત્યજીવનમાં લેવા કરતાં આપવાનો ઉમદા ખ્યાલ વધારે સમાયેલો છે.

જેમ છીપમાંથી મોતી ઉત્પન્ન થાય તેમ દામ્પત્યજીવનના પરિપાક રૂપે રાણીની કૂખે દેવને પણ દુર્લભ તેવા પુત્રનો જન્મ થયો. તેનું અનુપમ દેહલાલિત્ય જોઈ નામ રાખ્યું લલિતાંગકુમાર! તે સદાચારી, સર્વકળાઓમાં પારંગત સદ્‌ગુણોથી ભરપૂર હતો.

વણથંભી વહેતી કાળની ગતિ સાથે સુંદર લાલન-પાલન, સંસ્કારસિંચન સાથે કુમારે યૌવનના ઉંબરે પગ મૂક્યો. કુમારના અનેક મિત્રોમાં 'સજન' નામનો અંગત મિત્ર હતો. તે સ્વભાવથી અને વર્તનથી દુર્જન હતો. કુમારના પ્રેમવર્ષણ છતાં પણ તેનું દુર્જનપણું છૂટ્યું નહિ. કુમાર માટે સજન ચંદ્રમાના ડાઘ સમ, સમુદ્રની ખારાશ સમ, ગુલાબના કંટક સમ કલંકરૂપ નીવડ્યો.

મિત્ર માટે કવિએ કેવી સુંદર વાત કરી છે : —

"શેરી મિત્રો સો મળે, તાળી મિત્રો અનેક,
જેમાં સુખદુઃખ વહેંચીએ, તે લાખોમાં એક."

એક વખત કુમાર રાજાને પ્રણામ કરવા જાય છે. કુમારની નમસ્કાર કરવાની છટા અને વિવેકથી અભિભૂત થઈ રાજા કુમાર લલિતાંગને મૂલ્યવાન આભૂષણોની ભેટ આપે છે. સહર્ષ ભેટ સ્વીકારી કુમાર પાછો વળે છે ત્યારે રસ્તાની ચોતરફ કુમારનો જય-જયકાર બોલાવતાં નગરજનો દાન-દક્ષિણાની યાચના કરે છે. ક્ષણના વિલંબ વગર કુમાર અતિમૂલ્યવાન આભૂષણોનું દાન કરે છે. અજીજ દોસ્ત 'સજન' અલંકારોનું દાન સહી ન શકતાં રાજા પાસે ફરિયાદ કરે છે.

यतः —

परविघ्नेन संतोषं भजन्ते दुर्जना जनाः ।
लभेदग्निः परां दीप्तिं परमंदिरदाहतः ॥

અર્થાત્ જેમ અગ્નિ પારકા ઘરને બાળીને પ્રકાશિત થાય છે તેમ દુર્જનો બીજાને વિઘ્ન પહોંચાડી તે દ્વારા સંતોષ પ્રાપ્ત કરે છે. સજનની વાત ધ્યાનમાં લઈ રાજા કુમારને અતિ દાનના અવિવેકને સમજાવતાં કહે છે -

महादुःखाय संपद्यतेऽतिमेघस्य वर्षणम् ।
प्राणघाताय जायेत प्राणिनामतिभोजनम् ॥

અર્થાત્ [જેમ] વધારે વરસાદ દુઃખદાયી બને છે તેમ વધારે પડતું ભોજન પણ પ્રાણીના પ્રાણઘાતનું કારણ બને છે. રાજા કહે છે, 'બેટા!

अति सर्वत्र वर्जयेत् । દરેક બાબતની અતિશયતા નુકસાન જ પહોંચાડે છે. વળી તમે તો રાજ્યના સિંહસ્થંભ છો. આ તો પ્રજા-ધન છે તેનો વ્યય આપણને ન શોભે.' કહેવત છે કે 'આવક કરતાં અધિક ખર્ચ કરવાથી સમુદ્ર જેટલું ધન પણ ખાલી થઈ જાય છે.' ધનવગરનો માનવી ક્યાંય આદર પામતો નથી.

કુમાર લલિતાંગ પિતાની કૃપાદૃષ્ટિ અને સોનેરી સલાહને અનુસર્યો. વિવેકપૂર્વક યોગ્ય પાત્રને દાન આપતો રહ્યો. તેથી નિરાશ નગરજનોએ ટીકા કરી કહ્યું, 'કુમાર ! આપ કલ્પવૃક્ષ સમ હતા, હવે ધતૂરા જેવા કેમ થયા? આપ તો સિંહ સમાન તથા દાતાર હતા પણ આ કૃપણતા ક્યાંથી આવી? જાણો છો? સમુદ્ર માઝા મૂકે, મેરૂ પર્વત કદાચ કંપે પરંતુ સત્પુરુષ વચનભંગ ન કરે.'

યાચકોના માર્મિક કટાક્ષોથી કુમાર ધર્મસંકટમાં મુકાયો. તે વિચારવા લાગ્યો કે 'પિતાની આજ્ઞાનું પાલન કરું કે યાચકોની સંતુષ્ટિ કરું? દાન આપવાથી થતો દોષ બહુજન હિતાર્થે અપવાદ ગણાય,' આમ વિચારી પૂર્વવત્ દાન આપવાની ક્રિયા ચાલુ કરી. રાજાને જાણ થતાં તેઓ અત્યંત ક્રોધિત થયા. તેમણે કુમારને 'દેશવટા' ની સજા કરી.

રાજાનો નિર્ણય સાંભળી સ્વમાની અને સાહસી કુમારે પળના ય વિલંબ વગર ઘોડા પર સવાર થઈ રાજ્યત્યાગ કર્યો.

''તેજી તાજણો ન ખમે'' તે ઉક્તિ કુમારે સાર્થક કરી બતાવી.

જિગરી દોસ્ત સજનને સમાચાર મળતાં તે પણ કુમારને અનુસર્યો. થોડા હળવા થવા બંને મિત્રોએ વાર્તાલાપ આદર્યો.

કુમાર : 'સજન! કંઈક અદ્‌ભુત વાત હોય તો કહે.'

સજન : 'કુમાર! પુણ્ય સારું કે પાપ?'

કુમાર : (હસીને) 'અરે મૂર્ખ! આટલું પણ નથી જાણતો? એ તો જગ વિખ્યાત છે કે ''જ્યાં ધર્મ છે ત્યાં જય છે, જ્યાં પાપ છે ત્યાં ક્ષય છે.''

સજન : 'મિત્ર! જો પુણ્ય સારું હોય તો તમ જેવા દાતાની આવી દશા કેમ?'

કુમાર : (ખડખડાટ હસીને) 'અલ્યા મૂર્ખ! આવું ન બોલ, આ તો પૂર્વજન્મનાં કરેલાં કર્મોનું ફળ છે એમ સમજ.'

સજન : 'મિત્ર! ધર્મનું અનુસરણ કરી આપે મેળવેલ પુણ્યકર્મનું ફળ મેં સાક્ષાત્ નિહાળ્યું. હવે ખાસ સલાહ છે કે કપટ કે છળ કરીને અથવા યેન કેન પ્રકારે રાજ્ય પાછું મેળવો.'

કુમાર : (વ્યથા સાથે) 'દોસ્ત! આવાં પાપી વચનો બોલવાનું બંધ કર.'

સજન : 'આપના નિરર્થક વાણીપ્રલાપથી કોઈ ફાયદો નથી. આપ ઇચ્છો તો કોઈ મહાનુભાવની સલાહ લઈએ. અગર મહાનુભાવ કહે કે, ''ધર્મથી જ જય થાય.'' તો હું જીવનપર્યંત સેવક બનીને રહીશ.'

કુમાર : 'મારું વચન મિથ્યા નથી, અન્યથા હું તારો દાસ બનીશ.'

બંને મિત્રો પરસ્પર પ્રતિજ્ઞા કરી આગળ વધ્યા. એક ગામ આવ્યું. ગામના વડીલ મહાનુભાવને પૂછ્યું, 'વડીલશ્રી! સુખ અને જય પ્રાપ્તિનો આધાર પુણ્ય કે પાપ? વડીલે જવાબ આપ્યો, ''સુખ અને જય પાપથી જ મળે છે, પુણ્ય કરવાથી તો હાનિ થાય છે.'' ઉત્તર સાંભળી સજને વિજયસૂચક હાસ્ય કરી કુમારને સેવક થવા આદેશ આપ્યો અને ઘોડો સોંપવા કહ્યું.

એક વીંછી દર સાંકડું હોવા છતાં અંદર પ્રવેશવા પ્રયત્ન કરતો હતો પરંતુ પ્રવેશી શકતો ન હતો. કોઈ દયાળુ મહાત્માએ તેને દરમાં મૂકવા પ્રયત્ન કર્યો, વીંછી સ્વભાવગત મહાત્માને ડંખ

*જો પુણ્ય સારું હોય તો તમ જેવા દાતાની આવી દશા કેમ?*

મારતો રહ્યો. આ જોઈ એક વટેમાર્ગુએ કહ્યું, ‘મહાત્મા! શા માટે દયા કરો છો? પૂરો કરો એ દુષ્ટને!’ મહાત્માએ કહ્યું, ‘એ એનો દુષ્ટ સ્વભાવ નથી છોડતો તો હું મારો સ્વભાવ કેમ છોડું?’ આ રીતે સજન દુષ્ટતા નથી છોડી શકતો અને કુમાર ભલાઈ નથી છોડી શકતો! કુમાર ઘોડો સોંપી દે છે. ધર્મનું શરણું લે છે. સજન કહે છે, ‘તો ભોગવો ધર્મપાલનનું દુષ્પરિણામ! હજુ કહું છું કૂડકપટ, જૂઠ કરી ગમે તે ભોગે રાજ્ય મેળવો.’ થાકીને કુમાર કહે છે, ‘અરે મૂર્ખ! ખરેખર નામ પ્રમાણે તારામાં ગુણ નથી. તું બીજાને પાપમાં પાડે તેવો દુષ્ટ છે.’

નિર્જન જંગલમાં એક શિકારી હરણીને બાણ મારવા તૈયાર થાય છે. ત્યાં જ હરણી બોલી, ‘હે પારધી ભાઈ! આપ થોડીવાર રોકાઈ જાઓ, હું મારા નાના બચ્ચાને એકલું મૂકીને આવી છું. તે ભૂખ્યું થયું હશે! તેને દૂધપાન કરાવીને તરત જ પાછી આવી જઈશ.’ શિકારી સાશંક બોલ્યો, ‘તું અહીંથી છૂટી જાય, ફરી તું પાછી ન આવે તે હું જાણું છું. માટે રજા નહિ આપું.’

હરણી અતિ નમ્ર થઈ બોલે છે, ‘જો હું પાછી ન આવું તો મને ગોહત્યાનું પાપ લાગે.’ શિકારી બોલ્યો, ‘એવા સોગંદમાં હું ન માનું, કારણ કે મરનાર વ્યક્તિ બચાવ માટે અનેક સોગંદ કરે છે.’

હરણી આજીજી કરતી બોલી, ‘જે સોગંદથી તમારું મન વિશ્વાસ પામે તેવા સોગંદ લેવા માટે મારી તૈયારી છે.’ શિકારી કંઈક નરમ પડ્યો, અને બોલ્યો, ‘સલાહ માટે પૂછતાં ઊંધી સલાહ આપે તેનું પાપ તારા માથે, એવા સોગંદ કરે તો તને જવા દઉં.’ હરણીએ પણ તેવા સોગંદનો સ્વીકાર કર્યો. આથી શિકારીએ તેને જવાની છૂટ આપી. હરણી પ્રેમથી પોતાના બચ્ચાને દૂધપાન કરાવી પાછી આવી શિકારીને કહેવા લાગી, ‘હે પારધી ભાઈ! હું વચન પ્રમાણે પાછી આવી ગઈ છું. મારે આપની પાસેથી એક સલાહ લેવાની છે તો સલાહ આપશો?’ શિકારી રાજી થઈ સલાહ આપવા તૈયાર થયો. હરણી બોલી, ‘હે પારધી! હું કઈ દિશામાં નાસી જાઉં તો તમારા બાણથી બચી જાઉં?’

શિકારી આ પ્રશ્ન સાંભળીને વિચારમાં પડી ગયો. વિચારોની ગડમથલમાં એને લાગ્યું કે, ‘જો હું ખોટી સલાહ આપું તો મને પાપ લાગે.’ તેથી તેણે સાચી સલાહ આપવાનું નક્કી કર્યું અને કહ્યું, ‘હરણી! જો તું જમણી બાજુ નાસી જાય તો છૂટી જાય.’ હરણીએ આ સાંભળ્યું અને પોતાનો જીવ બચાવવા માટે જમણી બાજુ દોડતી નાસી ગઈ. હરણી મૃત્યુના મુખમાંથી બચી ગઈ.

આ દૃષ્ટાંત કહી કુમાર સજનને કહેવા લાગ્યો, ‘મિત્ર! જે વ્યક્તિ કોઈને સાચી સલાહને બદલે ખોટી સલાહ આપે તો તેને મહાપાપ લાગે.’ તું મિત્ર થઈને શા માટે મને ખોટા માર્ગે પ્રેરે છે? બિચારા પામર અને અજ્ઞાની લોકોએ ધર્મને નથી વખાણ્યો તેથી શું થઈ ગયું? જેમ અંધ મનુષ્ય સૂર્યને ન જોઈ શકે તેથી સૂર્ય ઊગતો જ નથી તેમ કઈ રીતે કહેવાય? આ સંસારમાં વસતા સર્વ લોકોનો આધાર ધર્મ છે. સર્વ સુખોનો ભંડાર પણ ધર્મ જ છે. ધર્મ જ અચિંત્ય ચિંતામણિ રત્ન છે.

આ સાંભળી સજન બોલ્યો, ‘કુમાર! તમે ખૂબ કદાગ્રહી છો. હજુ પણ મારી વાત ઉપર વિશ્વાસ ન હોય તો આપણે આગળ જઈ કોઈ સજ્જનની સલાહ લઈએ. જેની વાત ખોટી સાબિત થાય તેણે પોતાનાં બંને નેત્ર કાઢી આપવાં.’ કુમારે વાત સ્વીકારી. બંને મિત્રો આગળ વધ્યા. કોઈ સજ્જન દેખાતા મહાનુભાવને પૂછ્યું. તેણે પણ અધર્મનો જ જયજયકાર કર્યો. શરત પ્રમાણે કુમારે પોતાનાં

*‘જો હું ખોટી સલાહ આપું તો મને પાપ લાગે.’*

બંને નેત્ર કાઢી આપ્યાં. અતિ ઉત્સાહમાં આવી સજને કુમારને શબ્દબાણ માર્યાં કે, 'લક્ષ્મીનાશ અને અંધત્વને ધર્મના પરિપાક રૂપે ભોગવો.' આમ કહી તે કુમારને છોડી ચાલી નીકળ્યો.

સૂર્ય આથમ્યો. અંધારાના ઓળા પથરાવા લાગ્યા. નિશાચર જીવો અહીં તહીં ફરવા લાગ્યા. ચોરી કરવા જનાર ચોર લોકો તૈયારી કરવા લાગ્યા. એ સમયે વડ ઉપર ભારંડ પક્ષીઓ ભેગાં થયાં અને પરસ્પર વાતોએ વળગ્યાં. દરેક ભારંડ દિવસ દરમ્યાન જે કૌતુક નિહાળી આવે તે પરસ્પરને કહેતાં હતાં.

એક ભારંડ પક્ષીએ પોતે જોયેલ કૌતુક વિશે વાત કરતાં કહ્યું, 'અહીંથી પૂર્વદિશામાં ચંપાનગરી છે તેમાં જિતશત્રુ રાજા રાજ્ય કરે છે. આ રાજાને પુષ્પવતી નામની અતિસુકોમળ અને સૌંદર્યવતી પુત્રી છે. તે યૌવન અવસ્થાએ પહોંચી પણ પૂર્વનાં પાપકર્મોને લીધે અંધત્વ પામી છે.'

यतः —

कृतकर्मक्षयोनास्ति, कल्पकोटिशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ॥

અર્થાત્ કરોડો કલ્પ (કલ્પ એટલે બ્રહ્માનો એક દિવસ, અર્થાત્ આપણાં ૪, ૩૨૦, ૦૦૦, ૦૦૦ વર્ષ) વીતી જાય છતાં કરેલાં કર્મોનો વિનાશ થતો નથી. કરેલું શુભ કે અશુભ કર્મ અવશ્ય ભોગવવું જ પડે છે.

એક દિવસ જિતશત્રુરાજા દીકરીને જોઈને વિચારે ચડી જાય છે. 'કયાં પાપકર્મોને કારણે દીકરી અંધત્વને પામી હશે? તે હવે વિવાહ યોગ્ય પણ થઈ છે, તો મારે શું કરવું જોઈએ?' વિચારોને અંતે રાજાએ આખી નગરીમાં ઢોલ વગડાવીને જાહેરાત કરાવી, 'જે કોઈ કુંવરીને દૃષ્ટિ આપશે તેને રાજા અડધું રાજ્ય આપશે અને કુંવરીનાં લગ્ન તેની સાથે કરશે.' આવું કૌતુક મેં આજે જોયું છે. આ વાત સાંભળીને નાનું ભારંડ બોલ્યું, 'પિતાજી! આપ આંખો સાજી કરવાનો ઉપાય જાણો છો?' વૃદ્ધ ભારંડે જવાબ આપ્યો, 'દીકરા! આંખો સાજી કરવાના ઉપાયો તો ઘણા છે પણ ભાગ્ય વિના કંઈ મળતું નથી.' નાના ભારંડે કહ્યું, 'આપ એ માટેનો ઉપાય અમને તો બતાવો.' વૃદ્ધ ભારંડે કહ્યું : 'દીકરા! આ વાત રાત્રે કહેવાય તેવી નથી.'

यतः —

दिवा निरीक्ष्य वक्तव्यं रात्रौ नैव च नैव च ।

અર્થાત્ દિવસે જોઈને બોલવું જોઈએ અને રાત્રે તો ક્યારેય (બોલવું) નહીં. નાના ભારંડે આજુબાજુ જોઈને ખૂબ જ ધીમા પણ મક્કમ અવાજે કહ્યું, 'અહીં તો વાત સાંભળનાર કોઈ જણાતું નથી માટે કહો.' અતિ આગ્રહને વશ થઈ વૃદ્ધ ભારંડ કહે છે કે, 'આ વૃક્ષની આસપાસ જે વેલ વીંટળાયેલી છે તેનો રસ કાઢીને આંખમાં આંજવામાં આવે તો નવી દૃષ્ટિની તેને પ્રાપ્તિ થાય.'

આ સાંભળી સંતુષ્ટ થયેલા નાના ભારંડે પૂછ્યું, 'કાલે સવારે આપ કઈ દિશામાં જવાના છો?' વૃદ્ધ ભારંડે પ્રત્યુત્તરમાં કહ્યું, 'હું ચંપાનગરીમાં જ જવાનો છું.' નાના ભારંડે રાજી થતાં કહ્યું, 'એ શહેરના કૌતુકને જોવા હું પણ આપની સાથે આવીશ.' પક્ષીઓ વાતો કરતાં કરતાં નિદ્રાધીન થઈ ગયાં.

પક્ષીઓની ભાષા જાણનાર કુમાર લલિતાંગ વડ નીચે બેઠો બેઠો આ વાતો સાંભળતો હતો અને વિચારતો હતો કે મારા પુણ્યનો ઉદય થવાની શક્યતાઓ વધતી હોય તેવું લાગે છે. અંધ લલિતાંગ હાથ ફેલાવી વૃક્ષને વીંટળાયેલી વેલ શોધવા પ્રયત્ન કરે છે. હાથની મદદથી અટકળે વેલને શોધી કાઢે છે. તેને ચૂંટે છે અને તેમાંથી રસ કાઢી તેનું આંખોમાં અંજન કરે છે. થોડીવાર પછી આંખો પટપટાવતાં ઝાંખું ઝાંખું દેખાતું થયું અને અંતે બંને આંખોથી કુમારને સ્પષ્ટ દેખાવા લાગ્યું. ત્યારબાદ વૃક્ષ ઉપરથી જરૂરી વેલને ચૂંટી લીધા પછી વિશાળકાય ભારંડ પક્ષીની પાંખોમાં સંતાઈને લલિતાંગ બેસી ગયો. સવાર થતાં

પક્ષીઓ ઊડી ચંપાનગરીમાં પહોંચ્યાં. કુમાર ચુપકીદીથી બહાર નીકળ્યો.

તળાવ કિનારે મેલાંઘેલાં કપડાં ધોયાં, સ્નાન કરી તાજગી અને સ્વચ્છતા મેળવ્યાં. લલિતાંગ પ્રસન્નવદને અને દૃઢ આત્મવિશ્વાસ સાથે રાજાના દરબારમાં પહોંચ્યો. રાજાના સેવકે કુમારના સમાચાર આપતાં કહ્યું, 'સ્વામિન્! કોઈ પરદેશી યુવક આવ્યો છે અને તે કહે છે કે હું રાજકુમારીની દૃષ્ટિ પાછી લાવી આપું.'

આ સાંભળી રાજાએ ખૂબ હર્ષ સાથે તેને દરબારમાં લાવવાનો આદેશ કર્યો. લલિતાંગ સન્મુખ આવતાં રાજાએ પ્રસન્નચિત્તે તેનું સ્વાગત કર્યું અને કહ્યું, 'નવયુવાન ! મારી દીકરીને દૃષ્ટિદાન આપી ઉપકાર કર.'

કુમારે વેલનાં પાંદડાં પીસી તેમાંથી રસ કાઢી રાજકુમારીની બંને આંખોમાં તે આંજ્યો. થોડીવાર પછી ધીરે ધીરે આંખો ખોલતાં રાજકુમારીને બધું દેખાવા લાગ્યું. રાજાને અપાર આનંદ થયો. રાજકુમારીને ધામધૂમથી લલિતાંગ સાથે પરણાવી. લગ્ન પ્રસંગે અડધું રાજ્ય ઉપરાંત કન્યાને દાયજામાં હાથી, ઘોડા, જરઝવેરાત વગેરે પુષ્કળ પ્રમાણમાં આપ્યાં. કુમાર આનંદપૂર્વક ભૌતિક સુખો ભોગવવા લાગ્યો.

સમય જતાં એક દિવસ લલિતાંગ ઝરૂખામાં બેઠો છે ત્યારે રસ્તા પર ફાટેલાં વસ્ત્રોવાળા, રોગગ્રસ્ત અને જુગુપ્સા ઉપજાવે તેવાં અંગોવાળા સજનને જતો જુએ છે. કુમાર તરત જ તેને ઓળખી લે છે. પાપનાં ફળ ભોગવતાં થયેલી દશા જોઈ કુમારને તેની દયા આવી. કોઈએ સાચું જ કહ્યું છે –

ગાય જેવો છે વિવેક, ઘાસ ખાય અને છતાં દૂધ આપે,

સાપ જેવો છે અવિવેક, દૂધ પીએ અને છતાં ઝેર ઓકે.

કુમારે સેવકને મોકલી સજનને બોલાવ્યો અને પૂછ્યું, 'સજન! તું મને ઓળખે છે ખરો?' સજન બોલ્યો, 'અરે સત્પુરુષ! આપને કોણ ન ઓળખે?' કુમારે ફરીથી એ જ સવાલ પૂછ્યો. આ વખતે તે કશું જ બોલ્યો નહિ. કુમારને લાગ્યું કે ખરેખર તેને મારી ઓળખ થઈ નથી. કુમારે ભૂતકાળમાં બનેલી સર્વ વાતો કહી ત્યારે સજનને ઓળખાણ થતાં તે ઝંખવાઈ ગયો.

કુમારે સજનનાં મેલાંઘેલાં અને ફાટેલાં વસ્ત્રો દૂર કરાવી સરસ મજાનાં વસ્ત્રો પહેરાવ્યાં. ભાવતાં ભોજન કરાવ્યાં. બાદ બંને મિત્રો બેઠા. તે વખતે કુમારે કહ્યું, 'તું મારો ખાસ અને દિલોજાન દોસ્ત છે, એટલે જ કહું છું આ બધી સ્થાવર અને જંગમ સંપત્તિ તારી છે, તું કોઈ જાતની ફિકર ચિંતા કર્યા વગર અહીં સુખચેનથી રહે.' સજન બોલ્યો, 'કુમાર! જ્યારે હું તમને એકલો છોડીને આગળ ગયો ત્યારે રસ્તામાં મને ચોર મળ્યા. લાકડી અને ગડદાપાટુથી મને ખૂબ માર્યો અને મારું બધું જ ધન તેઓએ પડાવી લીધું. ખાવાનું મેળવવા અને આશરો શોધવા હું ઠેર ઠેર ભટક્યો પણ કોઈએ મારો હાથ ન પકડ્યો. ખરેખર એવું જ લાગે છે કે મારા પાપનાં ફળ ભોગવવા માટે જ મને જીવતો રાખ્યો હશે. આજે પણ અહીંતહીં ભટકતો, દુઃખના પહાડ નીચે દબાયેલો હું તમને મળ્યો છું. આ માટે જ વિનંતી કરું છું કે બધા પાપકર્મોને પૂરાં કરવાં અહીંથી જવા દો.'

કુમાર બોલ્યો, 'હું આ રાજ્ય, કીર્તિ, લક્ષ્મી અને પુષ્પવતીને મેળવીને ભરપૂર સુખ પામ્યો છું તે બધું જ તારા પ્રતાપે છે. માટે બીજી ચિંતા છોડી દે અને આ રાજ્યની ચિંતા કર. હું તને આ રાજ્યના પ્રધાનની પદવી આપું છું.'

આ બધો સંવાદ કુમારની પત્ની પુષ્પવતી સાંભળતી હતી. કુમાર એકલો પડતાં તે બોલી, 'સ્વામી! આપની વાત સાંભળવા બદલ ક્ષમા માંગું છું, પરંતુ એક વાત મારે આપને કહેવી જ પડશે કે, આ આપના બાળપણના મિત્રને પ્રધાન

**અનુસંધાન ૧૦મા પાને**

*પૈસા માટે ફાંફાં મારો છો? તો તમારી માટે ખાસ તક*

# ધડામ... ધડામ... ધડામ...

## ઇનામની રકમમાં ત્રણગણો વધારો!

# જીતો રૂપિયા ત્રણ લાખ તેત્રીસ હજાર ત્રણસો તેત્રીસ શેકડા... કડકડતા

ગયા અંકમાં અમે એક લાખ, અગિયાર હજાર, એકસો અગિયાર રૂપિયા જીતવાની અમૂલ્ય તક આપી હતી. ઈનામની આ રકમમાં તોતિંગ વધારો કરવામાં આવે છે.

આટલા રૂપિયા જીતવા તમારે શું કરવાનું? સંયમસાગર, પ્રેમસાગર અને શિવસાગર એ ત્રણે સાધુઓ ઉપર મૂકેલા ચોથા વ્રતના ભંગના આક્ષેપો ખોટા છે એવું તમારે પૂરવાર કરવાનું. બસ, મહાલક્ષ્મીજી તમને ફૂલની માળા પહેરાવવા 'થનગન થનગન' થઈ રહ્યાં છે. લક્ષ્મીજી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય! એટલું યાદ રાખજો કે અમદાવાદના 'સંદેશ' (તા. ૧.૫.૨૦૦૩)માં આવેલી મારી ઐતિહાસિક (પચ્ચીસસો એકત્રીસ વરસના ઈતિહાસમાં કોઈએ ન આપી હોય એવી અને એ સિવાયની સેંકડો ચેલેન્જો) કોઈ માઈનો લાલ ઉપાડી શક્યો નથી (વો દિન કહાં કિ...)! તે છતાં ફરી એક નવી તક! આજે જ ઝડપી લો.

કેવું પ્રમાણપત્ર માન્ય ગણાશે? હાઈકોર્ટ / સુપ્રિમકોર્ટે સત્તાવાર રીતે આપેલો ચુકાદો 'ચૂં કે ચાં કર્યા વિના' સ્વીકારી લેવામાં આવશે! અરે ભાઈ, હવે કોની રાહ જુઓ છો! આવી જાઓ મેદાનમાં. ઉપરોક્ત સાધુઓના કોઈ પણ શુભેચ્છક, ભક્ત, ચાહક, હિતેચ્છુ, સ્નેહી, ચમચા, પિઠ્ઠુ અને પોઠિયા (ગાંધીનગર, વિજાપુર, અમદાવાદ, કોબા, મહેસાણા, નંદીગામ, બબલપુરા, વટવા વગેરે ગામોમાં બેસીને બબડાટ કરનારાઓ સહિત કોઈ પણ વ્યક્તિ) આ પડકાર ઝીલી લે! પૈસાની જરૂર તો કોને નથી હોતી?

સંદેશમાંની ઉપરોક્ત ચેલેન્જ વાંચવા ઇચ્છો છો? આજે જ http://www.jainshasan.com લોગઓન કરો અને Jay Jinendra Magazineમાં જઈને અંક નંબર ૧૪ ક્લિક કરો.

*લક્ષ્મીજી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય!*

# સાવધાન ! આવનારા કપરા સમય અંગે જાગ્રત રહેશો

પૂજ્યપાદ મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ એક સંદેશામાં જણાવે છે કે વર્તમાન સમયના ગ્રહોની ચાલ જોતાં એવો સંકેત મળે છે કે આવનારો સમય દેશ અને દુનિયાના લોકો માટે અત્યંત કપરો હશે.

અત્યારે ગ્રહોએ જે રીતનું વાતાવરણ રચ્યું છે તે જોતાં ગુજરાતનાં ૨૦૦૨નાં રમખાણોને ભુલાવી દે તેવાં રમખાણોની તૈયારી થઈ રહી હોય એમ લાગે છે. આ રમખાણો કોમી પણ હોઈ શકે, જાતિવાદી પણ હોઈ શકે અથવા સરકારવિરોધી પણ હોઈ શકે. આ તોફાનોમાં ન જોયેલા ન સાંભળેલા હિંસાચારની શક્યતા પ્રબળપણે દેખાઈ રહી છે.

આપણે ઇચ્છીએ કે ગ્રહોએ આપેલા આ સંકેતો ખોટા પડે અને પરમતત્ત્વ સૌને સદ્‌બુદ્ધિ આપે.

આવનારા કપરા સમયનો અજાણપણે ભોગ ન બની જવાય તે માટે સાવધાન રહેશો. જરૂરી ન હોય તેવા દૂરના પ્રવાસો બને ત્યાં સુધી ટાળવા હિતાવહ રહેશે.

દેશ અને દુનિયાના શાસકોને પણ વિનંતી કે તમારા વાણીવર્તનથી દેશ-વિદેશની જનતાને વગર કારણે ઉશ્કેરાટનું નિમિત્ત ન મળે તે માટે આપ સૌ સજાગ રહેશો. એક નાનકડો તણખો પણ મોટા ભડકાનું કારણ બની શકે છે. કદાચ શાસકો વિવેક દેખાડે તો આવનારાં તોફાનો પોતાની દિશા બદલી શકે છે.

આગામી સમય ખાસ કરીને – ફેબ્રુઆરીથી જૂન સુધીનો સમય – શાંતિથી પસાર થઈ જાય તે માટે દરેક વ્યક્તિ, જેને જે ધર્મમાં આસ્થા હોય તે તે ધર્મના શ્રેષ્ઠ ગણાતા મંત્રનું અવિરત સ્મરણ કરે.

જૈનો **'ૐ હ્રીઁ નમો સિદ્ધાણં'**નો જાપ કરે.

**'ૐ હ્રીઁ નમો સિદ્ધાણં'**નો જાપ વધુ ને વધુ સંખ્યામાં કરવાથી આવનારા ઉપદ્રવોથી બચી શકાય છે.

---

**અનુસંધાન પાન ૮નું ચાલુ**

નાવી સાથે રાખવા કરતાં એકાદ બે ગામની જાગીર આપી આપણાથી દૂર રાખવો હિતાવહ ગણાશે.'

यत: –

दुर्जन: परिहर्त्तव्यो विद्यया भूषितोऽपि सन् ।
मणिना भूषित: सर्प: किमसौ न भयंकर: ॥

(નીતિશતક-૪૨)

અર્થાત્ વિદ્યાથી અલંકૃત હોવા છતાં દુર્જનનો પરિહાર (ત્યાગ) કરવો જોઈએ. કારણ કે મણિથી અલંકૃત સર્પ હોય તે શું ભયંકર નથી હોતો? આપ જાણો છો કે દુર્જન ઉપર ઉપકાર કરવાથી કેટલીકવાર પ્રાણત્યાગ પણ કરવો પડે છે. યથા -

એક કાગડો હતો. તે ઊડતો ઊડતો સરોવર પરથી પસાર થતો હતો. સરોવરમાં હંસને તરતા જોઈને કાગડાને પણ તરવાની અને મત્સ્યભક્ષણ કરવાની ઈચ્છા થઈ. અને તે પડ્યો તળાવમાં. એને તરતાં તો આવડતું જ ન હતું. તે કા. . . કા. . . કા કરતો ડૂબવા લાગ્યો. આ દૃશ્ય સરોવરમાં તરતી રાજહંસીએ જોયું. તેના મનમાં દયા આવી. રાજહંસને વિનંતી કરતાં કહે છે, 'સ્વામી! આ બિચારો કાગડો પાણીમાં ડૂબે છે. તેને જીવતો બહાર કાઢીએ.' રાજહંસ આ માટે સંમત થયો. તરત જ હંસ અને હંસીએ પોતાની ચાંચની મદદથી કાગડાને ડૂબતો બચાવ્યો.'

કાગડો સરોવરની બહાર નીકળતાં તેના જીવમાં જીવ આવ્યો. હંસ અને હંસીને પ્રણામ કરીને બોલ્યો, 'હંસરાજ! આપે મને બચાવ્યો તે માટે આપ બંનેનો આભાર માનું છું હવે હું જેટલું જીવીશ એટલું આપના ઉપકારનું જ ફળ હશે. આ ઉપકારનો થોડો પણ બદલો વાળી શકું એ માટે આપ બંને સરસ મજાના ભોજન માટે અમારા વનમાં પધારો એવી મારી વિનંતી છે.'

હંસ યુગલ અરસપરસ વાત કરે છે. હંસ પૂછે છે, 'આ કાગડો આગ્રહ કરી રહ્યો છે આ માટે શું કરવું છે?' રાજહંસી વિચારીને જવાબ આપે છે, 'સ્વામી ! ઉપકાર બધા ઉપર કરીએ પરંતુ અજાણ્યાનો સંગ કદી ન કરાય.' રાજહંસ દાક્ષિણ્યગુણના કારણે હંસીની મર્મસભર ચેતવણીને ઠુકરાવીને કાગડાનું આતિથ્ય માણવા વનમાં ગયો.

કાગડો અને હંસ વનમાં પહોંચતાં લીમડાના એક વૃક્ષ ઉપર વિશ્રામ માટે બેઠા. તે વખતે જ એક રાજા ફરતો ફરતો તે વૃક્ષની છાયામાં આવીને ઊભો રહ્યો. કાગડાએ જોયું અને બરાબર રાજા ઉપર જ તે ચરક્યો. રાજા કશું સમજે તે પહેલાં કાગડો ત્યાંથી ઊડી ગયો. પોતાના માથે ચરક પડવાથી ક્રોધિત થયેલા રાજાએ ઊંચે જોયું. ઝાડ પર સફેદ પક્ષી બેઠેલું જોયું. ક્રોધિત રાજાએ બાણ માર્યું. બાણ વાગતાં હંસ જમીન પર પડી તરફડવા લાગ્યો. તેને જોઈ રાજા આશ્ચર્ય અનુભવતાં બોલ્યો, 'આ તો સફેદ કાગડો છે.' આવું સાંભળી હંસ બોલ્યો—

नाहं काको महाराज ! हंसोऽहं विमले जले ।
नीचसंगप्रसङ्गेन मृत्युरेव न संशयः ॥

અર્થાત્ 'હે રાજન્! હું કાગડો નથી. હું તો વિમલજલમાં [રહેનારો] હંસ છું. નીચ [જાતિ] ના સંગથી છેવટે તો મૃત્યુ જ થાય છે. તેમાં કોઈ શંકા નથી.' આ દૃષ્ટાંત દ્વારા પુષ્પવતી કુમારને કહે છે, 'આપ પણ સજન જેવા નીચ કોટિના માણસનો સંગ છોડી દો.' આ વાત કુમાર પણ સમજે છે છતાં મિત્રધર્મના નાતે સજનનો સંગ છોડતો નથી.

આમ ને આમ સુખચેનમાં દિવસો પસાર થવા લાગ્યા. એક દિવસ રાજાએ સજનને બોલાવ્યો અને પૂછ્યું, 'સજન! તારી અને કુમાર વચ્ચે આટલો સ્નેહ અને ગાઢ મિત્રતા હોવાનું કારણ શું છે?' રાજાનો પ્રશ્ન સાંભળી સજનના મનમાં રહેલો દુષ્ટાત્મા વિચારવા લાગ્યો, 'જો હું અત્યારે કુમારના દોષ અને અવગુણ બતાવી તેને નીચો પાડી દઉં તો મારાં દૂષણ તે ક્યારેય બતાવી ન શકે.' આવું નક્કી કરીને સજન બોલ્યો, 'મહારાજા! આ અંગેનું કારણ ન પૂછો તો સારું. તે કહેવાનું મને યોગ્ય લાગતું નથી.' રાજાએ વિશેષ આગ્રહ કર્યો ત્યારે સજન બોલ્યો, 'કુમારે આ વાત કોઈને ન કહેવાના મને સોગંદ આપેલા છે.' આ સાંભળી રાજાને વાત જાણવાની ઇંતેજારી વધી ગઈ. છેવટે આ વાત કોઈને ન કહેવાના સોગંદ આપી સજને વાતની શરૂઆત કરી.

શ્રીવાસ્તવ નામની નગરીના નરવાહન રાજાનો હું પુત્ર છું. લલિતાંગ મારા મહેલમાં કામ કરતી દાસીનો પુત્ર છે. કર્મ યોગે દેશ-વિદેશમાં ફરતાં ફરતાં તેણે વિદ્યા પ્રાપ્ત કરી. વિદ્યા ભણ્યો એટલે નીચ જાતિથી લજાઈને ઘર છોડી પરિભ્રમણ કરતાં આપના રાજ્યમાં આવ્યો. પુણ્યના સંયોગે આપે તેને આદર સાથે અડધું રાજ્ય પણ આપ્યું. હું મારા પિતાજીની હઠ આગળ ઝૂકવાનું ટાળીને દેશાંતરમાં ભમતાં ભમતાં અહીં આવ્યો. તેનું રહસ્ય કદાચ હું આપની સમક્ષ ખુલ્લું કરું એ દહેશતથી સન્માનપૂર્વક મને પોતાની પાસે રાખ્યો છે. સ્વામી! આ વાતમાં તો કંઈ જ સાંભળવા જેવું

*'કુમારે આ વાત કોઈને ન કહેવાના મને સોગંદ આપેલા છે.'*

નથી, પણ આગળ જતાં તે કેવા કાવાદાવા કરશે તે આપને વિચારવાનું રહ્યું. આવાં વચનો સાંભળી રાજા સમસમી જાય છે, વિચાર કરે છે કે 'અરે! મેં ઉતાવળું અને અવિચારી પગલું ભરી દીધું છે. રાજ્ય જાય તો ભલે જાય, ધન જાય તો જાય તેની મને ચિંતા નથી પણ મારો વંશ મલિન કે નીચ થાય તે કેમ સહન થાય?' આમ વિચારી રાજાએ પોતાના જમાઈનું કાસળ કાઢી નાખવાનું નક્કી કર્યું. આ માટે પોતાના ચુનંદા અધિકારીને બોલાવીને આદેશ આપ્યો, 'આજે રાત્રે ગુપ્ત રસ્તે મારા મહેલમાં જે આવે તેને પૂરો કરી નાખવાનો છે. અધિકારીએ રાજાના હુકમના પાલનની ગોઠવણ કરી.'

રાજાએ તે રાત્રે કુમારને બોલાવી લાવવા ખાસ સેવકને સૂચના આપીને મોકલ્યો. સેવકે કુમારને સંદેશો આપતાં કહ્યું, 'મહારાજાને આપનું ખાસ કામ છે, માટે મહેલમાં બોલાવ્યા છે. રાતનો સમય હોવાથી મહેલમાં જવા માટે ગુપ્ત માર્ગનો ઉપયોગ કરજો.'

કુમારે વિચાર્યું કે 'રાજાને ખાસ કામ હોવાથી મને બોલાવે છે.' તરત જ શસ્ત્રસજ્જ થઈ મહેલમાં જવા તૈયાર થયો. ત્યારે પુષ્પવતી બોલી, 'સ્વામી! આપ ખૂબ જ ભોળા છો. રાતના સમયે ગુપ્ત રસ્તે મહેલમાં જવા આપ તૈયાર પણ થઈ ગયા? આપ હજુ રાજનીતિને બરાબર જાણતા નથી. ખરેખર રાજનીતિ ખૂબ અટપટી અને મલિન છે.'

શાલિની છંદ

यतः —

काके शौचं द्यूतकारेषु सत्यं,
क्लीबे धैर्यं मद्यपे तत्त्वचिंता ।
सर्पे क्षांतिः स्त्रीषु कामोपशांती,
राजा मित्रं केन दृष्टं श्रुतं वा ॥

(પંચતંત્ર-૧/૧૫૮)

અર્થાત્ કાગડામાં શુદ્ધિ, જુગારીમાં સત્ય, નપુંસકમાં ધૈર્ય, દારૂડિયામાં તત્ત્વચિંતા (વિચારશીલતા), સર્પમાં ક્ષમાભાવ, સ્ત્રીમાં કામનો ઉપશમ, અને રાજા મિત્ર હોય એવું ક્યાંય કોઈએ સાંભળ્યું છે કે જોયું છે ખરું? આ સાંભળી કુમાર બોલ્યો, 'પ્રિયે ! તું કહે છે તે વાત સંપૂર્ણ સાચી છે, પરંતુ રાજાની આજ્ઞાનો લોપ કરીએ તો મહાપાપ લાગે.' પુષ્પવતી કહે છે, 'વાત બધી સત્ય, છતાં હમણાં રાજમહેલમાં આપના મિત્ર સજનને મોકલો. આપ સવારે જજો.' પત્નીની વાતનો સ્વીકાર કરી કુમારે સજનને બોલાવી અંદરના ગુપ્ત રસ્તે રાજાના મહેલમાં જવાની સૂચના આપી. સજન તૈયાર થઈ ઉત્સાહભેર રાજમહેલમાં જવા નીકળ્યો. રાજાના અધિકારીની ગોઠવણ મુજબ કોઈને ખબર પણ ન પડે તેમ ગુપ્ત રસ્તે આવનારનું કાસળ કાઢી નાંખવામાં આવ્યું. થોડી જ વારમાં કોલાહલ થયો. સજન મરી દુર્ગતિમાં ગયો.

यतः —

मित्रद्रोहि–कृतघ्नाश्च ये च विश्वासघातकाः ।
चत्वारो नरके यान्ति व्रतभंगी तथापि च ॥

(પંચતંત્ર)

અર્થાત્ મિત્રનો દ્રોહ કરનાર, કૃતઘ્ન, વિશ્વાસઘાત કરનાર અને વ્રતનો ભંગ કરનાર આ ચારેય મનુષ્યો નરકમાં જાય છે.

સજનનું ખૂન થયું છે એ જાણી પુષ્પવતી બોલી, 'સ્વામી! આપ જો રાજા પાસે ગયા હોત તો આપના કેવા હાલ થયા હોત? હજુ પણ વિનંતી કરું છું કે આપ આળસ અને આંધળો વિશ્વાસ રાખવાનું છોડો. સૈન્ય સજ્જ કરી સાવધાન થઈને રહો.' કુમારે શીઘ્ર સૈન્ય સજ્જ કર્યું. રાજા સ્વયં લડવા આવે છે એવું સાંભળી સહેજ પણ ગભરાયા વિના કુમારે પોતાનું સૈન્ય ગોઠવી દીધું.

*ખરેખર રાજનીતિ ખૂબ અટપટી અને મલિન છે.*

સમયસૂચકતા વાપરી રાજાના બુદ્ધિશાળી મંત્રીએ રાજાને સમજાવવા પ્રયત્ન કર્યો. મંત્રીએ કહ્યું, 'મહારાજા! આ કેવું આચરણ કરો છો? આપ અવિચારી પગલું કેમ ભરો છો?' મંત્રીની વાત સ્વીકારી રાજાએ મંત્રીને કુમારના કુળ, વંશ અને જાતિ જાણી લાવવા મોકલ્યા. મંત્રી કુમારને મળ્યા અને પોતાના કુળ સંબંધી યોગ્ય માહિતી આપવા આગ્રહ કર્યો. ત્યારે કુમારે ઉત્તર આપ્યો, 'મંત્રીરાજ! સત્પુરુષ પોતાનું કુળ પોતાના મુખથી કદી કહે નહિ તે આપ જાણો છો.' કુમારનો જવાબ સાંભળી મંત્રી બોલ્યા, 'કુમાર! આપના મિત્ર પાપી સજ્જને તમારા કુળ અને જાતિ નીચા છે એમ રાજાને ભરમાવી દીધું છે.' આ વાત સાંભળી કુમારને લાગ્યું કે મારા અંગેની સાચી વાત મારે કહેવી જોઈએ. તરત જ કુમારે પોતાના કુળ અને જાતિ વિશે વિસ્તારથી વાત કરી. સર્વ વૃત્તાંત જાણી મંત્રી રાજા પાસે ગયા અને કુમાર વિશેની ગેરસમજ દૂર કરી. રાજાએ આ બાબતની ખાતરી કરવા પોતાના સેવકને કુમારના નગર તરફ મોકલ્યો.

સેવક લાંબી મુસાફરી કરી શ્રીવાસ્તવ નગરમાં પહોંચ્યો. આ નગરનાં રાજા-રાણી કુમારનાં માતા-પિતા છે તેવું જાણી સર્વ હકીકત તેમને કહી. વાત સાંભળતાં રાજા અને રાણીના આનંદનો કોઈ પાર ન રહ્યો. રાજા બોલ્યા, 'જિતશત્રુ રાજા જેવો મારે બીજો કોઈ સગો નથી. તેમણે મારા વહાલસોયા પુત્રને પોતાના જીવ કરતાં પણ અધિક સાચવ્યો છે. મેં તો વધારે દાન આપનાર પુત્રના તે ગુણને દૂષણમાં ખપાવીને તેની શિક્ષારૂપે દેશવટો આપ્યો.' સર્વ વાત જાણી સેવકને માન અને દાન આપી ખુશ કરી રવાના કર્યો.

સેવકે ચંપાનગરીમાં આવી કુમાર અંગેની સત્ય હકીકત રાજાને કહી. સાંભળીને રાજાનો વિષાદ દૂર થયો. પ્રસન્ન થઈ તરત જ જમાઈ અને દીકરી પાસે ગયા. રાજાએ પોતાના અપરાધની માફી માંગી અને બોલ્યા 'કુમાર! આપના જેવો ગુણભંડાર અને સજ્જન જેવો પાપનો કૂવો બીજો કોઈ નથી. હવે આપ આ આખા રાજ્યનો સ્વીકાર કરો.' કુમાર પત્ની સહ રાજાના પગમાં પડ્યો અને આશીર્વાદ મેળવ્યા.

જિતશત્રુરાજાએ કુમારને રાજ્ય સોંપી પોતાના આત્મકલ્યાણ માટે તપોવન તરફ પ્રયાણ કર્યું. લલિતાંગકુમાર પણ રાજ્ય વહીવટ સંભાળતાં થોડા સમય બાદ મંત્રીને રાજકાર્ય સોંપી પોતે પુષ્પવતી સાથે પિતાના નગરમાં પહોંચ્યો. ચંદ્રને જોઈ જેમ સમુદ્ર હિલોળે ચડે તેમ પિતા પોતાના પરાક્રમી અને ધર્મનિષ્ઠ પુત્રને જોઈને ખૂબ આનંદિત થયા. થોડો સમય સુખચેનમાં પસાર થયો.

એક દિવસ પિતાએ કુમારને બોલાવીને કહ્યું, 'બેટા! હવે તું રાજ્યની ધુરા સંભાળ. અમે વૈરાગ્ય અને તપ દ્વારા જન્મ સફળ બનાવવા આરાધના કરશું.' કુમારે જવાબ આપ્યો, 'પિતાજી! અમે તો આપનાં બાળકો છીએ. આપની છત્રછાયામાં રહી આપની સેવા કરવાની તક આપો.' રાજાએ પુત્રના મોહ તથા આગ્રહને વશ થયા વિના રાજ્યનું સુકાન કુમારને સોંપી દીધું.

લલિતાંગ કુમારે પણ ઘણાં વર્ષો સુધી રાજ્ય કર્યું. તે પણ ન્યાયપ્રિય, પ્રજાવત્સલ, પરાક્રમી, ધર્મનિષ્ઠ અને કુશળ રાજા તરીકે પ્રખ્યાત થયો. ઉત્તરાવસ્થામાં વૈરાગ્યવાસિત થઈ ચારિત્ર ગ્રહણ કરી, ઉત્તમ ધર્મ આરાધન કરી દેવલોકનાં દિવ્ય સુખો પામ્યો.

હે ભવ્યો! આપ પણ શ્રદ્ધાપૂર્વક જૈનધર્મનું પાલન કરો. આળસ ત્યાગો, પાપનો ક્ષય થાય અને પુણ્યનો ઉદય થાય તેવાં કાર્યો કરો. અખંડ સુખના ભોક્તા બનો.

**સંપૂર્ણ લખાણ**
**'મહોત્સવ કરીએ માનવજન્મનો'**
**પુસ્તકમાંથી સાભાર**

# આપનું પુસ્તક મળ્યું...



## ■ મહોત્સવ કરીએ માનવજન્મનો

***લેખક :*** *પૂ. જિતપૂર્ણા મહાસતીજી*
***પ્રકાશક :*** *વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ*
*ઓઢવ, અમરાઈવાડી, અમદાવાદ.*
***મૂલ્ય :*** *૫૦ રૂપિયા.* ***પૃષ્ઠ સંખ્યા :*** *૧૬૬*

પૂ. શ્રી જિતપૂર્ણા મહાસતીજીના નામથી અમારા જૂના વાચકો પરિચિત છે. *'મહોત્સવ કરીએ માનવજન્મનો'* એ એમનું નવું પુસ્તક છે. શ્રી સોમપ્રભાચાર્ય રચિત સિન્દૂર પ્રકર ઉપરનું આ એક વિવરણાત્મક પુસ્તક છે. મહાસતીજીએ મૂળ ઉપદેશને અનુરૂપ વિવિધ સામગ્રી દ્વારા તેને અત્યંત રોચક બનાવ્યું છે. પ્રસંગોચિત કથાઓ, સૂક્તિઓ, સંસ્કૃત કાવ્યો વગેરે દ્વારા પ્રસ્તુત પુસ્તકના આંતરિક સૌન્દર્યમાં વધારો થયો છે.

મુનિ શ્રી મિત્રાનંદસાગરજીએ પુસ્તકના આમુખમાં જણાવ્યું છે તેમ, મૂળ સંસ્કૃત ભાષામાં રચાયેલા આ ગ્રંથને ભાવાનુવાદ અને વિવરણ સાથે રજૂ કરીને વિષયને અનુરૂપ કથાઓ, પ્રસંગો વગેરેનું સંકલન કરીને સાધ્વી શ્રી જિતપૂર્ણાજીએ ગુજરાતીભાષી જનતાને એક સુંદર મજાનો ઉપહાર આપ્યો છે. સરળ ભાષા, સરળ રજૂઆત, ગળે ઊતરી જાય તેવી કથાઓ અને વચ્ચે વચ્ચે દિલને આનંદ આપનારાં સુભાષિતો, કાવ્યકણિકાઓ ઉપરાંત લોકોમાં બોલાતી ઉક્તિઓ વગેરેથી તેમણે પોતાના વિવરણને સમૃદ્ધ બનાવવાનો પ્રશંસનીય પ્રયત્ન કર્યો છે. તેમણે સમગ્ર વિવરણ ખૂબ ચીવટથી તૈયાર કર્યું છે. વિવરણનું અવલોકન કરતાં ડગલે ને પગલે એમની મહેનત દેખાઈ આવે છે.

મજાની વાત એ છે કે મહાસતીજીએ વિવરણમાં પ્રયોજેલાં સંસ્કૃત સુભાષિતોનાં સ્થાનો પણ દર્શાવીને ગ્રંથની વિશ્વસનીયતામાં વધારો કર્યો છે.

મુંબઈના ઘાટકોપરમાં આવેલી શ્રમણી વિદ્યાપીઠમાં પાંચ વર્ષ અભ્યાસ કરીને શ્રી જિતપૂર્ણા મહાસતીજીએ વિદ્યાભાસ્કરની પદવી મેળવી છે. આ પુસ્તકને જોયા પછી એમ અવશ્ય કહી શકાય કે તેમણે આ પદવીને સાર્થક કરી છે.

[આ અંકમાં *'મહોત્સવ કરીએ માનવજન્મનો'* પુસ્તકમાંથી પ્રસાદીરૂપ લખાણ વાચકોના આસ્વાદ અર્થે આપવામાં આવ્યું છે.]

## ■ The atomic prophet & selected poems

***લેખક :*** *જયંત કે. દેસાઈ*
***પ્રકાશક :*** *ઓક્સફોર્ડ ઇંગ્લિશ ક્લાસીઝ*
*૭ સી. અરિહંતનગર, મેમનગર, અમદાવાદ - ૫૨.*
***મૂલ્ય :*** *૫૦ રૂપિયા.* ***પૃષ્ઠ સંખ્યા :*** *૨૦+૧૧૦*

સ્વામી વિવેકાનંદના જીવન ઉપર આધારિત પુસ્તકમાં લેખકે ઓછા પણ સુંદર શબ્દોમાં સ્વામીજીની મહત્ત્વની તવારીખ અને વિચારોને વણી લીધાં છે.

ભગિની નિવેદિતાના સ્વામીજી પ્રત્યેના ઉદ્‌ગારો અને કવિતાઓ ઉપરાંત પારિભાષિક શબ્દોની ગ્લોસરી આપીને પુસ્તકને ઉપયોગી બનાવવાનો પુરષાર્થ દેખાઈ આવે છે. અંગ્રેજીમાં જ ભણીને ઉછરેલી પેઢીને આ પુસ્તક વાંચવું ગમશે.

**જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૧૧ નો ઉકેલ**

૧. ધનેશ્વર / ૨. સો ગાથા / ૩. કોલસાનો / ૪. દાનશાળાઓ / ૫. જ્ઞાન / ૬. આ. શ્રી પ્રભાચંદ્રસૂરિજી / ૭. વીતરાગ સ્તોત્ર / ૮. કાવ્યાનુશાસનમાં / ૯. શિષ્ય / ૧૦. કલિકાલસર્વજ્ઞ / ૧૧. દાગીના / ૧૨. ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર / ૧૩. સમતા / ૧૪. લાખો / ૧૫. જલસા / ૧૬. મહાવીરસ્વામીનું / ૧૭. સમાજકલ્યાણ / ૧૮. વિરહ / ૧૯. દંડ / ૨૦. વિકટતા / ૨૧. રોનક / ૨૨. ઉચ્ચતા / ૨૩. તત્ત્વચર્ચાઓ / ૨૪. કાયદા / ૨૫. ચક્રવર્તીઓ / ૨૬. સંખ્યા / ૨૭. નિર્મળતા / ૨૮. શાસન / ૨૯. દેવાં / ૩૦. ગોળ અને ઘી / ૩૧. અન્યદેશીય / ૩૨. કલિકાળ / ૩૩ (અ). સિદ્ધહેમ વ્યાકરણ / ૩૩ (બ). અસલી / ૩૪. હીરલા / ૩૫. કૃપાળુ.

**નોંધ :** સ્પર્ધા નંબર ૧૧માં ૩૩ નંબર બે વાર અપાઈ ગયો હતો. ત્યાં પહેલા ૩૩ નંબરને ૩૩ (અ) અને બીજા ૩૩ નંબરને ૩૩ (બ) સમજીને જવાબો વાંચવા વિનંતી.

■ ■ ■

જય જિનેન્દ્ર 'સ્વાધ્યાય સ્પર્ધા - ૧૧'ના વિજેતા :

પદ્માબેન હસમુખલાલ ધારીયા (રાજકોટ) તેમને ઈનામ રવાના કરી દેવાયું છે.

## ............. ઘટમાળ .............

અમદાવાદના આંગણે શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ (ઓઢવ, અમરાઈવાડી)ના ઉપક્રમે 'મહોત્સવ કરીએ માનવજન્મનો' પુસ્તકનો વિમોચન સમારોહ તા. ૩૦ ડિસેમ્બરના શુભ દિવસે યોજાઈ ગયો.

ઉલ્લેખનીય છે કે વિક્રમની તેરમી સદીના ખ્યાતનામ વિદ્વાન આચાર્ય શ્રી સોમપ્રભસૂરિ રચિત શ્રી સિન્દૂર પ્રકરનું સંશોધન સંપાદન કરીને પૂ. સાધ્વી શ્રી જિતપૂર્ણા મહાસતીજીએ તૈયાર કરેલા નવા પુસ્તકને 'મહોત્સવ કરીએ માનવજન્મનો' એ નામે સાદર કર્યું છે.

જાણીતા લેખક શ્રી કુમારપાળ દેસાઈએ પ્રસ્તુત પુસ્તકનું વિમોચન કરતાં જણાવ્યું હતું કે જૈન દર્શન અનુસાર પ્રથમ જ્ઞાન અને પછી અહિંસા છે. સાચા જ્ઞાન વિના સાચી અહિંસાનું પાલન શક્ય નથી. ગુજરાતી મધ્યકાલીન સાહિત્યમાં નેવું ટકા જેટલું સાહિત્ય જૈન સાધુ-સાધ્વીજીઓએ રચેલું છે. સાહિત્યરચના અને જ્ઞાનોપાસના દ્વારા જૈન સંઘનાં સાધુ-સાધ્વીજીઓએ ઘણું મોટું પ્રદાન કર્યું છે એમાં આ પુસ્તક દ્વારા એક ઉમેરો થઈ રહ્યો છે. મૂળ કૃતિ અને એની કથાઓ તથા તેમાં રહેલું નીતિરહસ્ય શ્રી જિતપૂર્ણા મહાસતીજીએ પ્રગટ કરી આપ્યું છે.

આ પ્રસંગે ગુજરાતના માજી નાણાંમંત્રી શ્રી અરવિંદભાઈ સંઘવી મુખ્ય અતિથિરૂપે પધાર્યા હતા. તેમણે પોતાના પ્રવચનમાં કહ્યું કે જૈન ધર્મમાં અહિંસાનું સૂક્ષ્મ ચિંતન કરવામાં આવ્યું છે, જે આજના અશાંત વિશ્વને શાંતિનો રાહ બતાવી શકે તેમ છે.

ડૉ. પ્રીતિ શાહ, શ્રી શંભુલાલજી લલવાણી, ડૉ. રૂપકુમાર અગ્રવાલ વગેરે ગણમાન્ય આગેવાનો પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ પોતાની ભાવનાઓને શબ્દોનો આકાર આપ્યો હતો.

સાધ્વી શ્રી જિતપૂર્ણાજીએ પોતાના વક્તવ્યમાં સંપાદન ક્ષેત્રે કરેલ પ્રવેશ અંગેની ભૂમિકા સમજાવી હતી અને જણાવ્યું હતું કે પોતે વધુ ને વધુ સાહિત્ય સેવા કરવા ઈચ્છે છે.

પૂ. સાધ્વીજીએ પોતાના કાર્યમાં સહાયરૂપ બનનારા સર્વ કોઈનો ઉલ્લેખ કરીને તેમની ભાવનાને બિરદાવી હતી.

# વાર્તા લેખકોને વિનમ્ર વિનંતી

આપ કુશળ વાર્તા લેખક છો? વાર્તાઓ લખવાનો કસબ આપની કલમને વરેલો છે? તો આજે જ આપ અમને આપની નવી નક્કોર વાર્તા મોકલાવો. અમે તેને અમારા તદ્દન નવા વાર્તામાસિક 'નિર્ગ્રંથ'માં સ્થાન આપીશું.

નીચેની વિગતો ઉપર ધ્યાન આપવા વિનંતી :

અમને મોકલેલી વાર્તા પ્રથમવાર પ્રકાશિત કરવા મોકલી છે તેવી લેખકે ખાતરી આપવાની રહેશે. અન્યત્ર પ્રકાશિત થઈ ચૂકેલી વાર્તા ન મોકલવા વિનંતી. નિર્ગ્રંથમાં પ્રકાશિત થયા પછી આપ આપની એ વાર્તા ખુશીથી અન્ય સામયિકમાં મોકલી શકો છો.

વાર્તાના પ્રકાશન અપ્રકાશન અંગે અમે ખાતરી નથી આપતા. સંચાલકમંડળ નક્કી કરશે કે કઈ વાર્તા છાપવી અને કઈ નહીં. વાર્તા પ્રકાશિત ન કરવાનાં કારણોની ચર્ચામાં ઊતરવામાં નહીં આવે.

જો વાર્તા પ્રકાશિત કરવાનું નક્કી થશે તો લેખકને તેની જાણ કરવામાં આવશે. પ્રકાશિત ન થઈ શકેલી વાર્તા પાછી મોકલવાનું શક્ય નથી. માટે તેની કોપી પોતાની પાસે સાચવી રાખવી.

ધર્મ, સંસ્કાર, બોધ, નીતિ વગેરેને લગતી વાર્તાઓ આવકાર્ય છે. જૈન સિદ્ધાંત વિરુદ્ધની વાર્તા સ્વીકારવામાં નહીં આવે.

આપની વાર્તા નીચેના સ્થળે મોકલશો :

**'નિર્ગ્રંથ'**
**એફ ૯, શ્રીનંદનગર વિભાગ ચાર, સોનલ ટોકિઝ રોડ, વેજલપુર**
**અમદાવાદ - ૩૮૦૦૫૧**

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

મહાન બનવાનો પ્રયત્ન ખોટો નથી, પરંતુ મહાનતાનો આડંબર તો લઘુતાનો સૌથી મોટો સંકેત છે.

●

**સ્પંદન**

દ્રવંત લોખંડનું ખડ્ગ થાય;
પાષાણનાં ખડ્ગ નથી ઘડાતાં.

●

**ના હોય!**

**શૈલુ :** 'સત્ય જાણવા છતાં તું આમનો આટલો બધો બચાવ કેમ કરે છે?'

**અસ્તકીર્તિ :** 'મારે મારી સલામતીની વ્યવસ્થા તો કરી રાખવી પડે ને! આખરે અમે એક માર્ગના પ્રવાસી છીએ.'

!! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad